Saarth E-Journal

# Saarth E-Journal of Research

E-mail : sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO : 2395-339X
Peer Reviewed
Vol.7 No.10

Impact Factor
Quarterly
Apr-May-June 2022

## 'દ્વિરેફ'ની વાર્તાઓમાં દ્વિરેફની વાર્તાઓમાં નિરૂપાયેલું ગધ્ય

ડૉ. રાજેન્દ્રકુમાર કે . મકવાણા

**સારાંશ:**

'દ્વિરેફ'ની વાર્તાનું વિષયવસ્તુ મુખ્યત્વે સામાજિક રહ્યું છે,આસપાસના સમાજને દ્વિરેફે કેટલી નિકટતાથી, ઊંડાણથી અવલોકયો હશે, તેની પ્રતીતિ સમાજ-જીવનના નાના-મોટા પ્રશ્નોની છણાવટ કરતી, આ વાર્તાઓ કરવી રહી છે. સમાજની સારી-નરસી બંને બાજુને તેમણે સમભાવપૂર્વક અવલોકી છે. સમાજ-જીવનના જ એક ભાગરૂપે સ્ત્રી-પુરુષના સંબંધોની ચર્ચા તેમજ માનવ સ્વભાવમાંથી ઉદ્દભવતી ગૂંચવણોને તેમણે વાર્તાઓમાં સ્થાન આપ્યું છે. તત્કાલિન સમાજના મહત્વના પરિબળ સમાન ગાંધીજીની અસહકારની લડત, સમાજ જીવનમાં આવેલ રાજકીય અને સાંસ્કૃતિક જાગૃતિ અને નવી પેઢીના ઉત્સાહી મનોભાવ 'દ્વિરેફની વાતો'માં ઝીલાયા છે. ધૂમકેતુના સમકાલીન 'દ્વિરેફ'–રા.વિ.પાઠક પાસેથી ત્રણ વાર્તાસંગ્રહોમાં કુલ ચાલીસ જેટલી વાર્તાઓ સાંપડી છે. તેમની વાર્તાઓમાં વિવિધ રસોની અનુભૂતિ થાય છે. તેમની વાર્તાઓમાં સામાજિક અભિગમ, પ્રસન્ન દાંપત્યજીવન, લગ્નજીવનની વિષમતા, દલિત-પીડિત સમાજ, રુઢિજડતા, વેરભાવના, કીર્તિલાલસા અને માનસશાસ્ત્રીય અભિગમના નિરૂપણવાળી વાર્તાઓ સાંપડી છે. તેમની મનોવૈજ્ઞાનિક ગુંચોનું આલેખન કરતી વાર્તાઓ દાદ માંગે તેવી છે. 'એકપ્રશ્ન', 'રજનુંગજ', જમનાનુંપૂર', 'નવોજન્મ', 'નવોજન્મ', 'કપિલરાય', 'કોદર', 'સૌભાગ્યતી', 'અંતરાય', 'છેલ્લો દાંડકય ભોજ', તથા 'સૂરદાસ'આદિ વાર્તાઓમાં માનવમનના અંતલઉડાણની રસપ્રદ વાર્તા નિરુપાયી છે.

**ચાવીરૂપ શબ્દો: વિષયવસ્તુ, પાત્રો, સંવાદ રચના, વાર્તામાં વિવિધ પ્રયોગ.**

**પ્રસ્તાવના:**

પ્રસિદ્ધ સાહિત્યકાર રામનારાયણ વિશ્વનાથ પાઠકે 'દ્વિરેફ'ના ઉપનામથી લખેલી તેર વાર્તાઓનો આ સંગ્રહ છે, જે ૧૯૨૮માં પ્રગટ થયો છે. લગભગ 90 વર્ષ પહેલાંની આ વાર્તાઓ આજે પણ વાંચવી ગમે એવી છે. આ વાર્તાઓમાંથી કેટલીક વાર્તાઓની ગણના ગુજરાતી સાહિત્યની ઉત્તમ વાર્તાઓમાં થાય છે.'દ્વિરેફની

વાર્તાઓમાં' અનેક વિષયનું નિરૂપણ થયું છે,તેમાં ગ્રામ સમાજ અને શહેરી સમાજની વાતો છે,ગ્રામ સમાજમાં રહેલી બદીઓ, લોહીનો વેપાર, કૌટુંબિક કુસંપો, પિતરાઈઓના ઝગડા, ઈર્ષા, વેરભાવ, જૂના રીતિ-રિવાજો, રુઢિઓની જડતા-વાર્તા વિષય બની છે. તે જ રીતે ગામડાની ઊજળી બાજુ જેવા સમૂહ જીવનના સફળ પરિણામો પણ તેમણે પોતાની વાર્તામાં નિરુપ્યાં છે. ગ્રામ સમાજની અડખેપડખે તેમજ સ્વતંત્રપણે શહેરી જીવનનું નિરૂપણ દ્વિરેફની વાતોમાં થયું છે. તેમાં શહેરી જીવન પ્રત્યેનું આકર્ષણ, શહેરી સંસ્કૃતિની ભિન્નતા, સામાજિક-આર્થિક પરિસ્થિતિભેદ, અર્વાચીનતા પ્રત્યેનું મૌગ્ધ્ય તેમજ પાશ્ચાત્ય સંસ્કૃતિ અને કોલેજના ઉચ્ચશિક્ષણના સારા-નરસા પ્રતિઘોષ મુખ્ય છે.

**વાર્તાઓનો ટૂંકો પરિચય:**

'એક પ્રશ્ન' વાર્તા એક પરિવારના સભ્યો વચ્ચેના સંવાદના રૂપે છે અને વ્યંગ, રહસ્ય, કુતૂહલ જેવાં તત્ત્વોના કારણે વાર્તા રસપ્રદ થઈ છે.'રજનું ગજ' વાર્તામાં સરકારી સંસ્થામાં ચાલતી લાપરવાહી અને લાગવગ પર ભારોભાર કટાક્ષ કરવામાં આવ્યો છે.વાર્તા વાંચનારને સહેજે સવાલ થાય કે, 'આજે પણ ક્યાં બહુ ફરક પડ્યો છે?''જમનાનું પૂર' વાર્તામાં યમુના નદીનું કાવ્યમય વર્ણન છે.'સાચી વાર્તા અથવા હિંદુ સમાજના અંધારા ખૂણામાં દૃષ્ટિપાત' વાર્તા એક કોર્ટ કેસ પર આધારિત છે, જેમાં તળપદા લોકોના જીવન વિશે

ની વાતો છે. 'સાચો સંવાદ' વાર્તામાં એક યુગલની વચ્ચેની મીઠી તકરાર છે, જેમાં પત્ની એના પતિ સાથે દલીલો કરીને જણાવે છે કે પતિને શું શું નથી આવડતું.'સરકારી નોકરીની સફળતાનો ભેદ' વાર્તામાં મુખ્ય પાત્ર પોતાની જ મજાક ઉડાવતાં ઉડાવતાં પોતાની સફળતાનાં કારણો જણાવે છે.'શો કળજગ છે ના!' વાર્તા બાળકોના તોફાન પર આધારિત છે.'જક્ષણી' વાર્તા તો ખૂબ જ જાણીતી છે. જે વાર્તારસિકો મારી જેમ શાળાના અભ્યાસ દરમ્યાન આ વાર્તા ભણ્યા હશે એમને તો વાર્તાનાં પાત્રોના વર્ણન આજે પણ યાદ હશે. એમાંય મહારાજનું પાત્રાલેખન તો નહિ જ ભૂલ્યા હોય.'મુકુન્દરાય' વાર્તા પણ જાણીતી છે. ગામડામાંથી શહેરમાં જનાર એક યુવાનમાં આવેલા પરિવર્તનની વાત છે.

'પહેલું ઈનામ' વાર્તા વાચકને છેક સુધી જકડી રાખે એવી રહસ્યમય છે.'નવો જન્મ' ઝમકુકાકી નામની એક સ્ત્રીની જીવનકથા છે. વાર્તામાં ગાંધીજીની લડતનો ઉલ્લેખ છે.'કપિલરાય' વાર્તા એક વ્યક્તિની માનસિક ઉથલપાથલ પર આધારિત છે.'ખેમી' દલિત યુગલની એક સ્નેહકથા છે. આ વાર્તાને ખૂબ જ પ્રસિદ્ધિ મળી છે.આજે મોટા ભગાની વાર્તાઓ માર્યાદિત વિષયો પર અને માર્યાદિત રીત દ્વારા લખાય છે ત્યારે આ વાર્તાઓ વાંચ્યા પછી વિચાર આવે કે, 'વર્ષો પહેલાં દ્વિરેફે કેવા કેવા વિષયો પર વાર્તાઓ રચી છે અને વાર્તાઓની રજૂઆત પણ કેવી કેવી રીતે કરી છે!'આ વાર્તાઓમાં વાર્તાકારનું નિરીક્ષણ અને હાસ્ય ઠેર ઠેર જોવા મળે છે. વિદ્વાન સાહિત્યકાર શ્રી રસિકલાલ છો. પરીખે દ્વિરેફની લેખનશૈલી વિષે લખ્યું છે કે: 'દ્વિરેફ આંસુને હાસ્ય નીચે છુપાવવાનું વધારે પસંદ કરે છે !'અહીં આપણે 'સૂરદાસ' વાર્તામાં દ્વારા દ્વિરેફે આલેખેલું મનોભાવાત્મક ચિત્રણ વિશે વિસ્તારથી જોઈશું.

'સૂરદાસ' વાર્તાનો નાયક 'સૂરદાસ' સંગીતપ્રેમી છે.ડફ વગાડવામાં તેનો જોતો જડવો મુશ્કેલ છે અને મધુર કંઠનો માલિક છે. શહેરમાં રહી માંગી ખાતા આ સૂરદાસને એક પરદેશી ફૂટડા યુવાન સારંગી વાદકનો પરિચય થાય છે.'પરદેશી' સુમધુર કંઠ ધરાવે છે – આ બંને પાત્રો સિવાય વાર્તામાં ત્રીજું મહત્વનું પાત્ર છે 'રામપ્યારી'. રામપ્યારી સુંદર છે અને સુમધુર કંઠ પણ ધરાવે છે.

ધર્મશાળામાં એકાકી જીવન જીવતા આ સૂરદાસને ક્રમશઃ બંને પાત્રોનો પરિચય થતાં ત્રણે સાથે મળી સંગીત વગાડી-ગાઈને પોતાનું ગુજરાન ચલાવે છે. સમય જતા સૂરદાસ રામપ્યારી તરફ આકર્ષાય છે અને રામપ્યારી પ્રત્યે માલિકીભાવ અનુભવવા લાગે છે. રામપ્યારી પ્રત્યેના એના પ્રેમમાં ઈર્ષ્યાભાવ જન્મતા તેનામાં

પરદેશી પ્રત્યે  ઈર્ષ્યા અને સંશયની ભાવના જાગે છે. તે પરદેશીને પોતાનો પ્રતિસ્પર્ધી માને છે. તેને લાગે છે કે આ બંને પોતાના અંધાપાનો લાભ લઈ સાથે ભાગી જવાનો બદઈરાદો રાખે છે. તેવી શંકામાં તે રામપ્યારીનાં માથે લાકડી ફટકારી દે છે અને રામપ્યારી મૃત્યુ પામે છે. આ દ્રશ્ય જોઈ પરદેશી પલાયન કરી જાય છે.અહીં રામપ્યારી અને પરદેશી વચ્ચેના સંબંધ નિમિત્તે વાર્તાકારે ‘સૂરદાસ’ ના મનના સંકુલ ભાવોને બરાબર પ્રગટ કાર્ય છે. પરિણામે વાર્તા મનોવૈજ્ઞાનિક સંદર્ભોથી સભર બની છે. પરદેશી અને રામપ્યારી તો વાર્તાનાં ગૌણ પાત્રો છે. સૂરદાસના મનોભાવોનો સાચો તાગ લેવા આપણે ‘આલ્ફ્રેડ એડ્લર’ના ‘લઘુતા’ના ખ્યાલને સમજવો પડે.

એડ્લરના આ વ્યક્તિત્વ સિદ્ધાંતને કેટલાક મનોવૈજ્ઞાનિકો Inferiority principal- સિદ્ધાંત તરીકે ઓળખાવે છે. એડ્લરના મતે “લઘુતા એટલે અન્ય વ્યક્તિઓની સરખામણીમાં પોતાને અશક્ત, નબળી, હીન કે ઊતરતી જોવાનું વ્યક્તિનું વલણ”. એડ્લરના મતે આ લઘુતાની ક્ષતિપૂર્તિના પ્રયત્નો પ્રમાણસર રહે ત્યાં સુધી બરાબર છે, તે કહે છે, લઘુતાનો ભાવ ધરાવતી વ્યક્તિ હંમેશા બીજાની સાથે પોતાની સરખામણી કરતી રહે છે. બીજી વ્યક્તિને હરાવવા કે આગળ વધતી અટકાવવાની પ્રવૃત્તિ કરે છે. એડ્લર એમ જણાવે છે કે, વ્યક્તિ લઘુતાના ખ્યાલમાં સૌથી વધુ મહત્વ શારીરિક લઘુતાનું હોય છે. આ લઘુતાગ્રંથિથી વ્યક્તિના જીવનમાં હતાશા આવે છે અને તે ઈર્ષાભાવથી પણ પીડાય છે. આ લઘુતાગ્રંથિનાં વિકૃત પરિણામો છે.

આ વાર્તામાં ‘સૂરદાસ’ લાઘુતાગ્રંથિના વિકૃત પરિણામનું ફળ છે.  પ્રથમવાર પરદેશી સાથે મુલાકાત થાય છે ત્યારે ગાતા પરદેશીને જોઈ સૂરદાસને લાગે છે કે પરદેશીનો સૂર પોતાના કરતા વધારે સારો છે ત્યારે તે ખાશીયાણો પડી જાય છે. અહીં સૂરદાસ પ્રથમ વાર લઘુતાથી પીડાતો દેખાય છે, પરંતુ પરદેશીના મુખે ઉચ્ચારેલ વિધાન.“મેં સારે હિન્દુસ્તાનમેં ઘુમા હું લેકિન ઐસા ડફ કહીં ભી નહિ સુના હૈ, સૂરદાસ ફરીથી ઉત્સાહમાં આવ્યો."(પૃ.૯૩ દ્વિરેફની વાર્તાઓ-૨. રા.વિ. પાઠક) અહીં સૂરદાસની લઘુતા થોડી હલ થાય છે. કારણ કે તેના અભિમાનને પોષણ મળે છે. બંને સાથે મળી પોતાનું ગુજરાન ચલાવે છે. એક દિવસ ધર્મશાળાના ઓટલા પર ગાતા સૂરદાસ અને પરદેશીના ગીતમાં ત્રીજો મધુર સ્વર ભળે છે, તે સ્વર છે રામપ્યારીનો. રામપ્યારી સુંદર હતી.“તેનું માથું ખુલ્લું હતું, કાળા વાળની સુંદર લટો ગાળાની બંને બાજુના ખભા ઉપર થઈ છાતી પાસે લટકતી હતી. તેના કપાળમાં ભમ્મરનો ચાંદલો હતો. તેના શરીરે એક કફની જેવું પહેરણ પહેરેલું હતું....તે સ્વભાવે સુની હતી. ગાવા સિવાય તેને કોઈ પણ ઐહિક વસ્તુમાં રસ નહોતો... રામપ્યારીમાં કોઈ અગાધ સૌજન્ય હતું અને તે હસતી ત્યારે આખા મુખ ઉપર છવાઈ તેને અદ્વિતીય સૌન્દર્ય અર્પતું... તે મોટી ઉંમરની હતી છતાં જવાન લાગતી હતી. “(૯૪, ૯૫, ૯૬)

રામપ્યારીનું વર્ણન વાર્તાકારે અમસ્તું નથી કર્યું. ભલે સૂરદાસ દ્રષ્ટિહીન છે, પરંતુ રામ્પ્યારીનાં સૌદર્યના પરદેશી પાસેથી સાંભળેલા વખાણ અને રામપ્યારીનો સ્પર્શ સૂરદાસના મનમાં પ્રેમ ઉત્પન્ન કરે છે. ત્રણેની મંડળી શહેરમાં ફરતી થાય છે. રામપ્યારી ગાતી, સૂરદાસ રામ્પ્યારીના ખભે એક હાથ દઈ બીજા હાથે ડફ વગાડતો અને પરદેશી સારંગી વગાડતો આગળ ચાલતો.

“દુકાનમાં બેઠેલા જુવાન છોકરાએ મશ્કરીમાં કહ્યું: “સૂરદાસજી! નસીબદાર છો બહુ સુંદર છોકરી મળી ગઈ છે....” ટોળામાંથી એક બીજો માણસ બોલ્યો: ‘નસીબદાર તે કેવો? આ ફાંકડા પરદેશીને છોડી જૂઓને આંધળાને મોહી ગઈ.’ (પૃ.૯૬)

સૂરદાસને રામપ્યારીનો સ્પર્શ તેના જીવનમાં પ્રથમ સ્ત્રીનો સ્પર્શ હતો. અહીં જાતીય આકર્ષણનો સંકેત રચાય છે. આમેય સૂરદાસ રામપ્યારીના અવાજથી મુગ્ધ હતો. તેના સ્પર્શથી રોમાંચ અનુભવતો. અંધાપાને બહાને તેને રામપ્યારીની સોબત સતત મળ્યા કરતી... સતત સોબત અને સતત સંસર્ગથી તેનું મન રામપ્યારીની સોબત

ઉપર પોતાનું સ્વામિત્વ મળ્યું સમજતું હતું. (૯૭)વળી રસ્તા ઉપર સાંભળેલી પેલા જુવાનની વાત તેને યાદ આવે છે અને મનમાં સંશય ઉત્પન્ન થવા લાગે છે."રામપ્યારી રૂપાળી હતી? પરદેશી પણ ફાંકડો હતો? પોતે તો આંધળો હતો!... રામપ્યારી પોતા જેવા અપંગને ચાહે તે અશક્ય હતું. તે જરૂર પેલા પરદેશીને ચાહતી હશે. બંને ગમે તેમ કરતા પણ હશે. તેની તેને ખબર પણ ક્યાંથી પડે!...(૯૭)

રામપ્યારી તરફ સૂરદાસનું આકર્ષણ અને પરદેશી તરફ દ્વેષભાવનો અહીં પ્રારંભ થાય છે. વાસ્તવમાં પરદેશીને રામપ્યારી તરફ કોઈ આકર્ષણ નથી કે રામ્પ્યારીને બંનેમાંથી એકપણ વ્યક્તિ પ્રત્યે આકર્ષણ કે પ્રેમ નથી. રામપ્યારી બંને પુરુષો સાથે સહજ ભાવે વ્યક્ત થાય છે. એટલું જ નહિ, રામપ્યારી તો નિર્લેપ છે.તેના સંકેતો વાર્તાકારે આગળ આપ્યા છે."સ્વભાવે સૂની, ગાવા સિવાય તેને કોઈ પણ ઐહિક વસ્તુમાં રસ નહોતો.!- સૂરદાસ જે વિચારે છે તેની ભ્રમણા માત્ર છે. ઉલટું સૂરદાસ અંધ ના હોત તો પરદેશીના ચહેરાના ભાવોને વાંચી શક્યો હોત. તે પરદેશીની નિર્લેપતાને પારખી શક્યો હોત.

અહીંથી સૂરદામાં લઘુતાનો ભાવ પ્રબળપણે પ્રગટતો દેખાય છે. એક દિવસ રાત્રે ઓટલેથી પડતા સૂરદાસનો પગ મરડાય છે ને તેથી તે ગામમાં માગવા જઈ શકતો નથી. પરિણામે પરદેશી અને રામપ્યારીને માંગવા જવું પડે છે. પરંતુ સૂરદાસના મનમાં રહેલી લઘુતા તેનામાં વિકૃત્તિ પેદા કરે છે. તેથી તે સતત રામપ્યારી અને પરદેશીના જ વિચારો કરે છે.રામપ્યારીને પોતાની પાસે રોકી રાખવાનો પણ પ્રયત્ન કરી જૂએ છે."આજે ના જતી મારો પગ સારો નથી માટે તારું કામ પડશે. રામપ્યારી માત્ર હસી જ."(૯૮) રામપ્યારીના નિર્લેપ હાસ્યને તે ગર્ભિત હાસ્ય સમજવાની સૂરદાસ ભૂલ કરે છે. તેથી ધર્મશાળાના પરિચિત બાવાઓને પરદેશી વિશે પૂછે છે.

"તુમકો યહ પરદેશી કૈસા લગતા હૈ? હા, દેખનેમે તો અચ્છા લગતા હૈ"

અહીં અચ્છા એટલે સારો માણસ, પરંતુ લઘુતાથી પીડાતો સૂરદાસ તેનો જુદો જ અર્થ કાઢે છે. તેને લાગે છે કે પરદેશી રૂપાળો છે અને પોતે?- સૂરદાસનું મન શંકા અને ઈર્ષાથી ભરાઈ જાય છે. તે પૂછે છે-

"અચ્છા! યહ સિર પર ક્યાં રખતા હૈ? 'સાફા રખતા હૈ...'

સૂરદાસે વિચાર્યું કે પોતે ટોપી જ પહેરે છે. તેણે પૂછ્યું: "અચ્છા પર કહીએ દેખનેમે સાફા અચ્છા લગતા હૈ યા ટોપી? વહ તો જૈસા આદમી" (૯૯)

આથી સૂરદાસની મૂંઝવણ વધી. સારા દેખાવાની વાત પોતાને માટે વધુ ને વધુ અશક્ય લગતી હતી. વળી તે દિવસે ટ્રેન મોડી પડતા રામપ્યારી અને પરદેશી મોડા આવ્યા. સૂરદાસના મનોભાવોને પ્રગટાવવા વાર્તાકારે આ નાના-નાના ઉદ્દીપકો મુક્યા છે.- જે સૂરદાસમાં રહેલી લઘુતાને વધુ પ્રબળ બનાવે છે. જમતી વખતે સૂરદાસ પરદેશીને પૂછે છે! અચ્છા જી, આપ કહાં કે રહને વાલે? પરદેશી ....જી મેં જૌનપૂર રહતા હું! સૂરદાસે રામપ્યારીને પૂછ્યું અચ્છા રામપ્યારી તુમ કહાં રહતી હો? 'જૌનપૂર' (૯૯,૧૦૦) એક બાળકની નિર્દોષતાથી રામપ્યારી જવાબ આપે છે. પરદેશી સમજે છે કે રામપ્યારીનો જવાબ સાચો નથી, પરંતુ સૂરદાસનો સંચય વધુ તીવ્ર બને છે. ધીરે ધીરે તેનો સંચય ઈર્ષામાં પરિવર્તિત થતો જાય છે. આ ઈર્ષાની પરાકાષ્ઠા એટલે ઠંડી ક્રુરતા. ટીપે ટીપે સૂરદાસ સભાનતા ગુમાવતો જાય છે. પ્રથમ પોતાને એ પરદેશીથી શ્રેષ્ઠ સાબિત કરવાનો પ્રયત્ન કરે છે. પરંતુ તેમાં નિષ્ફળ જતા ક્રુરતા તરફ વળે છે. દરેક વાતના તે જુદા જ અર્થો કાઢે છે.

આજે ભરબજારે માંગવા નીકળેલી આ મંડળીમાં રામપ્યારી ગઝલ ઉપાડે છે.

"હાં રી આજ આ બન થાન કે કિધર જાતે હૈ?<br>
કર લે સિંગાર, ચતુર અલબેલી<br>
સજન કે ઘર જાના હોગા !" (૧૧૦)

લઘુતાના ભાવથી તીવ્રપણે પીડાતો સૂરદાસ આ ગીતમાં બની-ઠનીને નાસી જવાનો જ ધ્વનિ સાંભળે છે. મનમાં શંકા-કુશંકાઓ કરતો સૂરદાસ વિચારે છે. બંને જૌનપૂરના જ છે અને નાસી જવાનું વિચારે છે. જમતી વખતે પાણીનો લોટો ઢોળાતા ફરી પાણી લેવા ઊઠેલા પરદેશીને પૂછી બેસે છે."કયો! પરદેશી , કિધર જાતે હો?'... એટલામાં રામપ્યારીનો પડિયો કૂતરું ઉપાડી ગયું. રામપ્યારી એ લેવા એકદમ ઊઠી અને દોડી, તે સૂરદાસે સાંભળ્યું, તેને થયું કે નક્કી રામપ્યારી પરદેશીની પાછળ નાઠી."(૧૦૨) મનમાં સંશય હોવાથી ઈર્ષા અને ક્રૂરતાનો ભાવ સૂરદાસમાં તીવ્રતા ધારણ કરે છે. સૂરદાસ વિચલિત થઈ જાય છે. તે રામપ્યારી, રામપ્યારી એમ બુમો પડે છે. ઊભી ઊભી હસતી રામપ્યારીનો અવાજ સાંભળી શબ્દવેધી ફટકો મારી સૂરદાસ રામપ્યારીને મરણને શરણ કરી દે છે.

**દ્વિરેફની વાર્તાઓમાં વિષય પ્રયોગો:**

'દ્વિરેફની વાર્તા"ની પ્રયોગશીલતા વિશે અભ્યાસ કરતાં જણાય છે કે, તેમનો પ્રયોગ આનુષાંગિક વિષય પર પણ રહ્યો છે,સ્ત્રી-પુરુષના સંબંધ, વાર્તાઓમાં કદાચ પ્રથમવાર જ આ રીતે સ્ત્રી-પુરુષ ના બાહ્ય-આંતરિક સંબંધોને તટસ્થતાપૂર્વક વિવિધ દ્રષ્ટિકોણથી જોવાનો પ્રયત્ન દ્વિરેફની વાતોમાં કરવામાં આવ્યો છે. દાંપત્યજીવનની પરિપૂર્ણતા, દાંપત્યજીવનના સ્થૂળ, સૂક્ષ્મ પ્રશ્નો,દાંપત્યજીવનમાં ઊભા થતાં વહેમ, અવિશ્વાસ, જાતીય સ્ખલન આદિ અવરોધ,જાતિયજીવનની વિસંવાદિતા વગેરે તથા દાંપત્યના પાયારૂપ પ્રણયનું આલેખન, નીચલા થરના શ્રમજીવીઓની પ્રણયકથા વગેરે રમ્ય ચિત્ર પણ આ વાતોમાં જોવા મળે છે.

વાર્તાના વિષયને સામાજિક ક્ષેત્રમાંથી પસંદ કરી વ્યક્તિના માનસપટ ઉપર પડતાં પ્રત્યાઘાતો દ્વિરેફ સબળ રીતે વર્ણવી શકે છે. બાહ્ય દુનિયામાં બનતા બનાવો કરતાં વ્યક્તિના માનસ તખતા ઉપર ભજવાતા વિચાર રંગમાં લેખકને વિશેષ રસ છે. બાહ્ય કથાવસ્તુની સાથે જ માનવ મનની વિવિધ ભાતો આલેખવાનું, એક જ વ્યક્તિ અંદર રહેલા વિરોધી ભાવ-પરિબળોનો પરિચય કરાવવાનું તેમણે વિશેષ ગમે છે.

'મહેફિલે ફેસાનેયુગાન'ની વાર્તાઓ એક નવો જ પ્રયોગ છે, મધ્યકાલીન,અર્વાચીન, બાળવાર્તા અને પ્રતિવાર્તાના પ્રયોગો દ્વિરેફે તેમાં કર્યા છે,પ્રાણીજીવનની કથા પણ તેમાં આપી છે. સાથેસાથે તે તે વાર્તાઓ ઉપરના ટીકા-ટિપ્પણોનો સમાવેશ પણ તેમાં થઈ જાય છે. અન્ય વિષયોમાં ક્યાંક હળવી નિબંધિકા છે. તો ક્યાંક બાળકોનું શબ્દચિત્ર આપ્યું છે. દ્વિરેફની મુખ્ય નજર તો સમાજ અને માનવસ્વભાવ ઉપર જ મંડાયેલી છે. આ બેને કેન્દ્રમાં રાખી જેટલા વિષય શક્ય બન્યા એટલા દ્વિરેફે આપ્યા છે.

**નવીન પ્રયોગ:**

'દ્વિરેફની વાતોમાં' આકાર, અભિવ્યક્તિની દ્રષ્ટિએ નવિન પ્રયોગ દર્શાવતી વાર્તાઓ 'મહેફિલે ફેસાનેયુગાન'ની છે, ચાર પાંચ મિત્રો ભેગા થઈને એક મંડળની રચના કરે છે; એમાં દરેક સાથે એક એક વાર્તા કહેવાની હોય છે. વાર્તાની સાથે સાથે વાર્તા ઉપરનું વિવેચન પણ તેમાં આવે છે. દરેક વખતે નિરૂપણ અને વિષય દ્રષ્ટિએ નવી જ રીત જોવા મળે છે. સૌ પ્રથમ બે મિત્રોની વાર્તાની સંકલનના મધ્યકાલીન વાર્તાઓને માલતિ છે. કથાવસ્તુ પણ મિત્રધર્મ માટે સ્ત્રીની ન્યોછાવરીનું જ છે. બીજા પ્રયોગમાં તેઓએ લખેલી 'ચબરખી વાણી' આવે છે. ધૂમકેતુની 'મુક્વાણી' ઉપરથી વાર્તા લખવાનો પ્રયત્ન કર્યો છે.

હકીકતમાં તો ટૂંકી વાર્તા એ જ 'મહેફિલે ફેસાનેયુગાન'નો મુખ્ય વિષય બની રહે છે. તેના ઉદાહરણ રૂપે આ વાર્તાઓ આવે છે. તે પછી તેના વિવેચનમાં વિવિધ મુદ્દાઓની ચર્ચાઓ થાય છે,'કોદર' જેવી સુંદર વાર્તા આ પ્રયોગનો જ અંશ છે. ધનુભાઈની લખેલી આ વાર્તાને થોડાં સુધારા વધારા સાથે પ્રમિલા પોતાના નામે ચડાવે છે. વાર્તા સાહિત્યમાં થતાં ઉઠાંતરીના બનાઓ ઉપર આ કટાક્ષ છે. ધીરૂબહેનની'કમાલ-જમાલની વાર્તા' માં બાળવાર્તાઓનો પ્રયત્ન છે,'કમાલ-જમાલની વાર્તા' ચાતુરીની આ વાર્તા અરેયન નાઇટ્સની વાર્તા જેવી છે.

'એક પ્રશ્ન'માં દરેક વ્યક્તિ બીજાનું કર્તૃત્વ ખોટું ઠેરવી પોતાનું કર્તાપણું સિદ્ધ કરવા માથે છે, તેમાં માનવસ્વભાવનું નિરૂપણ કર્યું છે. તેવી જ રીતે માનવહૃદયમાં રહેલ રાગ-અનુરાગ અને અહંભાવનો વિષય તેને નીચે પાડે છે. કોઈપણ કાર્યની આશક્તિ તેને બંદી લે છે. એ ભાવ પ્રતિકારક રીતે 'જમનાનું પૂર'માં વ્યક્ત થયો છે. જમાનાના પાણીમાં દીવો મૂકવા અધીર બનેલી સ્ત્રી પોતાનો દીવો બધાથી દૂર જાય તેમ ઈચ્છે છે. નદીના મધ્યભાગમાં જય તે દીવો તરતો મૂકે છે. આટલેથી  ન અટકાતા કર્મના પરિપાકરૂપ ફળને જાણવાની ઈચ્છાથી તે મંદિરની ટોચ ઉપર ચઢી દીવાને દૂર જતો જોવા પ્રયત્ન કરે છે, ત્યાં જ સમતુલન ગુમાવીનદીમાં ડૂબી જાય છે.

એક નાના પ્રસંગ દ્વારા અત્યંત વિશાળ અર્થઘટનોની ક્ષિતિજ આપણી સમક્ષ લેખે ખુલ્લી કરી છે. સમાજથી અલગ તરીને રહેતો, કાર્યશક્તિ ન ત્યજી શકતો માનવી આ જ દશાને પામે તેવું કઈક સૂચન અમથી નીકળે છે. જ્યારે બધી સ્ત્રીઓ આરતીમાં તલ્લીન હોય છે ત્યારે આ સ્ત્રી જુદી તરી આવે છે અને  તેનો આ વૈયક્તિક અહમ તેના પતનનું કારણ બને છે.

''શો કળજગ છે ના!'માં નથી પ્રણય કે વિરહની કથા કે નાયક-નાયિકા. છતાં કૃતિ સુંદર બની છે. આરંભમાં બધા બાળકોની વિવધ ક્રિયાઓનું વર્ણન, પછીથી બધાનું જ ધ્યાન જામફળના પોટલાં ભણી કેન્દ્રિત થવું અને અંતે પોટલનો માલિક આવતા વિખેરાય જવું એ પણ મુખ્ય ક્રિયાઓ વાર્તામાં નિરૂપાઈ છે. 'એક સ્વપ્ન'માં જવાબદારી વિનાના સંતાનવિહીન મુક્ત સ્વેચ્છાચારભર્યા આધુનિક પ્રેમનું પ્રતિક મળેલું બાળક છે, માત્ર દૈહિક સુખભોગની ઈચ્છાથી નવા ચેતનનો આવિર્ભાવ શક્ય નથી. તેમ જ નવાયુગમાં સૌને આવા સહચરમાં જ આનંદ મળે છે. તેમ મળેલા બાળકના હાથ-પગ પકડીને નૃત્ય કરતાં સ્ત્રી-પુરુષના વર્ણનમાંથી સમજાય છે. સમાજમાં જોયેલી વાતથી જાગેલી સંવેદના આ વાર્તામાં નિરુપાય છે, 'બંસવિહાર' એક નાની નિબંધિકાથી વિશેષ નથી.

**સમાપન :**

વિષયનિરૂપણમાં દ્વિરેફ વિરોધીચિત્રોનો પ્રયોગ કરે છે. કરુણને ઘેરો બનાવવા હાસ્યનો, વિરહને તીવ્ર બનાવવા મિલનના ઉમંગનો ઉપયોગ તેમની વાર્તાઓમાં થયો છે. 'મુકુંદરાય'માં જે વિરહવેદના, મુકુંદરાય તરફથી ઉપેક્ષાવૃતિ વાર્તાને અંતે અનુભવવાની છે, તેનાથી તદ્દન અજ્ઞાત એવા રઘનાથ અને ગંગા, મુકુંદના આગમનની તૈયારી કેવા ઉત્સાહ અને ઉમંગથી કરે છે? તેમનો આ અતિ ઉત્સાહ પાછલા વિરહને વધુ દુ:ખદ બનાવી રહે છે. અહીં સૂરદાસની લઘુતા પ્રથમ પોતાને શ્રેષ્ઠ સાબિત કરવાનો પ્રયત્ન કરે છે પરંતુ તેમાં સફળતા ન મળતાં તે લઘુતા વિકૃત રૂપ ધારણ કરે છે. સારાસારનો વિચાર કાર્ય સિવાય ક્રૂરતા તરફ ગતિ કરી જાય છે.અહીં 'દ્વીરેફે' સૂરદાસના મનોભાવોને ખુબ જીણવટપૂર્વક ગૂંથ્યા છે. વાર્તામાં બનનારી ઘટના અપ્રતિતિકર જણાતી નથી. માનવમનની વૃત્તિઓની તીવ્રતાને તેમણે બરાબર પકડી છે. ભાવને અનુરૂપ ભાષાનો ઉપયોગ કરી વાર્તામાં પાત્રોના મનોસંચલનોને બરાબર પ્રગટ કાર્ય છે.આમ, દ્વિરેફની વાર્તાઓમાં તેમણે અલગ અલગ વિષય પર મીઠા છતાં ચોટદાર પ્રયોગો કર્યા છે. જે તેમની દરેક વાર્તાઓને એક બીજાથી અલગ પાડે છે.

**સંદર્ભ નોંધ:**


1. **પરિચય-દ્વિરેફનીવાતો-ભાગ Ekatra Foundation retrieved from https://ekatra.pressbooks.pub**
2. **દ્વિરેફની વાતો,ગુજરાતી વિશ્વકોશ retrieved from https://gujarativishwakosh.org**
3. **https://parab.online/wp-content/uploads/2017/11/parab0617.pdf**
4. **http://gujaratisahityaparishad.com/prakashan/sarjako/savishesh/Savishesh-Ra-Vi-Pathak.html**

5. https://gujlit.com/book-details.php
6. https://gu.wikipedia.org/wiki
7. https://wiki.ekatrafoundation.org/wiki

**ડૉ. રાજેન્દ્રકુમાર કે. મકવાણા**
શ્રી એસ.આર. ભાભોર
આર્ટ્સ કોલેજ , સિંગવાડ.